# આજે સાંઈની રિવિઝન અરજી પર સુનાવણી હાથ ધરાશે

## નીચલી અદાલત દ્વારા ભાગેડુ જાહેર કરાયેલા સાંઈએ કોર્ટના હુકમને રદ કરવા માટે રિવિઝન અરજી કરી હતી

સુરત,તા. ૨૭

નારાયણ બળાત્કાર ગુજારવાના ગુનામાં પકડાયેલી નારાયણ સાંઈની અંગત સેવિકા ગંગા ઉર્ફે ધર્મિષ્ઠાએ જામીન પર છુટક માટે કરેલી અરજી તથા નારાયણ અને તેના સાગરીતોને ભાગેડુ જાહેર કરવાના કોર્ટના હુકમ સામે કરેલી રીવીઝન અરજીની વધુ સુનાવણી આવતીકાલે હાથ ધરવામાં આવશે.

સુરતની યુવતી પર બળાત્કાર ગુજારવાના બનાવમાં નાસતા ફરતા નારાયણને પકડવા માટે પોલીસને પરસેવો પડી ગયો છે. નારાયણના આશ્રમો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે ત્યારે આ ગુનામાં નાસતા ફરતા આરોપી નારાયણ અને તેના સાગરીત હનુમાન ઉર્ફે કૌશલ અને જમનાને કોર્ટે ભાગેડુ જાહેર કર્યા હતા. નીચલી અદાલતના આ હુકમથી નારાજ થઈ નારાયણે પોતાને ભાગેડુ જાહેર કરવાનો હુકમ રદ કરવાની માંગણી સાથે રીવીઝન અરજી કરી હતી. આ અરજીની સુનવણી મંગળવારે કરવામાં આવી હતી. જેમાં નામદાર કોર્ટે નારાયણના રીવિઝન અંગે ૨૮મી તારીખે સુનાવણી કરવાની જાહેરાત કરી હતી. જ્યારે નારાયણ બળાત્કાર કેસમાં પોલીસ નારાયણની અંગત સેવિકા ગંગા ઉર્ફે ધર્મિષ્ઠાની ધરપકડ કરી હતી. ગંગાના અમદાવાદ ચાંદખેડા ખાતે આવેલા ફલેટમાંથી પોલીસને વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા. જેથી પોલીસે તેની ધરપકડ કરી રીમાન્ડ મેળવ્યા હતા.



વિધાનસભા ખાતે પોડિયમમાં મુકાયેલ લોકસભાના પ્રથમ અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવળંકરના તૈલચિત્રને તેમની ૧૨૬મી જન્મજયંતિ નિમિત્તે ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલ તેમજ નાયબ ઉપદંડક આર.સી. પટેલના હસ્તે ભાવસભર પુષ્પાજંલિ આપવામાં આવી હતી.

વધુમાં માવળંકર દાદાના હેતાળ નામથી લોકહૃદયમાં પ્રતિષ્ઠિત બનેલા ગણેશ માવળંકરનો જન્મ ૨૭ નવેમ્બર, ૧૮૮૮ના રોજ વડોદરા ખાતે થયો હતો. રાષ્ટ્રના મુક્તિ સંગ્રામમાં દરેક તબક્કે ભાગ લીધો, સન ૧૯૩૧માં વકીલ તરીકેની કારકીર્દી શરૂ કરી સર્વોપરી કોંગ્રેસીઓમાંના એક એવા દાદા સાહેબે આઝાદીના સંગ્રામમાં મુખ્ય ભાગ ભગવ્યો હતો. વ્યક્તિગત સત્યાગ્રહ અને ખેડાની લડતમાં ભાગ લઈ કુલ ૩૩ મહિના કારાવાસ ભોગવ્યો. આઝાદ ભારતની પ્રથમ સંસદના પ્રથમ અધ્યક્ષ અને ત્યારબાદ ૧૯૫૨-૫૬ દરમિયાન લોકસભાના અધ્યક્ષ બન્યા. તેઓ ભારતની ઉગતી સંસદીય લોકશાહીમાં સંગીન પ્રણાલિકાઓ પાડનાર આદર્શ અધ્યક્ષ હતા. અમદાવાદની સામાજિક, રાજકીય તેમજ કેળવણી વિષયક પ્રવૃત્તિઓમાં તેમનો સિંહફાળો રહ્યો હતો. તેઓનું ૨૭ ફેબ્રુઆરી, ૧૯૫૬ના રોજ અમદાવાદ ખાતે અવસાન થયું.

# ૩૯ ખેલાડીને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય-સન્માન

## ૩૧ ખેલાડી-૮ કોચીસને કુલ મળીને ૧૫,૦૦,૨૦૦ની આર્થિક સહાયનું રમતગમત મંત્રીના હસ્ત વિતરણ થયુ

અમદાવાદ, તા.૨૭

ઓસ્ટ્રેલિયાના ન્યુકસલ ખાતે આગામી ડિસેમ્બરમાં યોજાનાર સ્પેશ્યલ ઓલિમ્પિકસ એશિયા પેસેફીક રીજીયોનલ રમોત્સવમાં ગુજરાતમાંથી કુલ ૩૧ ખેલાડીઓ અને ૮ કોચીસને કુલ મળીને રૂા. ૧૫,૦૦,૨૦૦ની આર્થિક સહાય અર્થે રમતગમત મંત્રી રમણલાલ વોરાના હસ્તે ગાંધીનગર ખાતે ચેક આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યકક્ષાના રમતગમત મંત્રી નાનુભાઈ વાનાણી તેમજ રમતગમત વિભાગના સચિવ ભાગ્યેશ જહાએ ઉપસ્થિત રહી ખેલાડીઓને સફળતા માટે શુભેચ્ચાઓ પાઠવી હતી.

મંત્રી વોરાએ ખેલાડીઓને શુભેચ્છા આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર રમતગમતને વધુને વધુ પ્રોત્સાહન આપવા હંમેશા તત્પર છે. રમતગમત વિભાગ દ્વારા પસંદગી પામેલ તમામ ખેલાડીઓનો પ્રવાસ ખર્ચ તેમજ સ્પોર્ટસ કીટ માટે કુલ મળીને રૂા. ૧૫,૦૦,૨૦૦ની આર્થિક સહાય આપવામાં આવી છે. ખેલ મહાકુંભ-૯૫,૦૦૦ જેટલા વિકલાંગ ખેલાડીઓ વિવિધ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. મંત્રીએ પસંદગી પામેલા ખેલાડીએ વધુમાં વધુ સુવર્ણપદક વિજેતા થઈ સમાજ, રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્પેશ્યલ ઓલિમ્પિકસ એશિયા પેસેફીક રીજીયોનલ ગેમ્સનો મુખ્ય ધ્યેય માનસિક ક્ષતિ ધરાવતા બાળકો અને વ્યક્તિઓને ખાસ તાલીમ આપી જુદી જુદી વિશ્વકક્ષાની હરીફાઈઓ માટે તૈયાર કરવાનો છે.

સ્પેશ્યલ ઓલિમ્પિકસ રમતોત્સવ આગામી તા. ૨૮ નવેમ્બર થી ૮ ડિસેમ્બર, ૨૦૧૩ દરમિયાન યોજાશે. જેમાં ભારતના કુલ ૩૦૦ ખેલાડીઓ અને ૧૦૦ કોચીસ ભાગ લેશે. રમતોત્સવમાં પસંદગી પામેલ ગુજરાતના ખેલાડીઓ-કોચીસને રાજ્યના રમતગમત વિભાગના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આવવા-જવાનો ખર્ચ, બ્લેઝર, શર્ટ-પેન્ટ અને ટાઈ આપવામાં આવ્યા છે.

# અમદાવાદ શહેરને હરિયાળુ બનાવવાના દાવાઓ પોકળ

## ભૂતકાળમાં માન્ચેસ્ટરની ઉપમા પામેલ પૂર્વ અમદાવાદ સાથે હંમેશા ઓરમાયુ વર્તન કરાતુ હોવાનો આક્ષેપ

અમદાવાદ, તા.૨૭

બેસ્ટ ગર્વનન્સનો ઘણી વખત એવોર્ડ જીતેલ અને વિશ્વના સૌથી ઝડપથી વિકસતો અમદાવાદ શહેર હરિયાળી ક્ષેત્રે પીળુ પડી ગયું છે. શહેરના અસંખ્ય વિસ્તારોમાં વૃક્ષને ઉઘાડવા અને તેની જાળવણી કરવા અર્થે ટ્રી ગાર્ડ છે પરંતુ મુળ વસ્તુ વૃક્ષ (ટ્રી) જ ટ્રી ગાર્ડની અંદર નથી. જેના હિસાબે દરેક બાબતમાં પ્રથમ નંબરની વાતો કરતું તંત્ર શહેરને હરિયાળુ બનાવવામાં નિષ્ફળ સાબીત થઈ રહ્યું છે.

સુત્રોની જાણકારી અનુસાર તંત્ર દ્વારા ભૂતકાળમાં માન્ચેસ્ટરની ઉપમા પામેલ પૂર્વ અમદાવાદ સાથે હંમેશા ઓરમાયુ વર્તન થાય છે. તંત્રએ પૂર્વ અમદાવાદને હરિયાળુ બનાવવા વૃક્ષો ઉગાડવા અને તેનું રક્ષણ કરવા ટ્રી ગાર્ડ લગાવ્યા પણ ટ્રી ગાર્ડની અંદર વૃક્ષ ન લગાવ્યા જેના કારણે શહેરને હરિયાળુ બનાવવા નીકળેલ તંત્ર શહેરને પીળુ બનાવવામં કોઈ કદાચ રાખી નથી. અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર સ્થિત મેઘાણીનગર પોલીસ સ્ટેશન તરફ જતો રસ્તો, રામેશ્વર ચાર રસ્તા તરફનો રસ્તો, ઓમકાર બ્રીજ, રક્ષા યુનિથી ઘોડા કેમ્પ તરફનો રસ્તો, ઉમા સ્કુલથી આઈટીઆઈ અંડરબ્રીજ તરફનો રસ્તો, જમટલજી થાવાણી માર્ગથી બંગલા એરિયા તરફનો રસ્તો જેવા અસંખ્ય રસ્તા પર ટ્રી ગાર્ડ છે પણ ટ્રી નથી. તંત્ર માટે પૂર્વ અમદાવાદ, અમદાવાદ શહેરનો ભાગ ગણાતો નથી. એવી લોકલાગણી ઠેર-ઠેર જોવા મળી રહી છે. તંત્રના આભડછેડ વાળા વર્તનથી પૂર્વ અમદાવાદ હરિયાળુ બનાવની જગ્યાએ પાનખર બની ગયું છે. તંત્ર દર વર્ષ ચોમાસાની શરૂઆતમાં શહેરને હરિયાળુ બનાવવા અર્થે વૃક્ષારોપણ કરે છે. ઉપરાંત નાગરીકોને પણ વૃક્ષો રોપવા અર્થે આપતા હોય છે પણ આટલી કામગીરી બાદ સંપૂર્ણ સંતોષ માની લેતા તંત્ર જરૂરી જાળવણી ન કરતું હોવાથી વૃક્ષારોપણ પણ દરવર્ષે નિષ્ફળ જાય છે. વૃક્ષોની માવજત ખાસ પશ્ચિમ અમદાવાદમાં વધુ સારી રીતે થાય છે તેવા આક્ષેપો નાગરીકો કરતા રહે છે. પર્યાવરણની જાળવણી અર્થે કાર્યરત એક સ્વૈચ્છિક સંસ્થાએ અમદાવાદ કેટલું હરિયાળુ છે તેના આંકડા પ્રસિદ્ધ કર્યા હતા જેમાં પૂર્વ અમદાવાદ ૨૫ થી ૩૮ ટકા હરિયાળુ અને પશ્ચિમ અમદાવાદ ૬૦ ટકાથી વધુ હરિયાળુ છે તેવી વિગતો પ્રકાશિત થઈ હતી. તંત્ર વલણ આ રીતે કાયમ રહેશે તો માંડ ૨૫ ટકા જેટલી હરિયાળી ધરાવતા પૂર્વ અમદાવાદ ભવિષ્યમાં પીળુ બની જશે એમાં શંકાનું કોઈ સ્થાન દેખાતું નથી.

# શૌચાલય તોડવા અંગે મ્યુનિ. કોર્પોરેશન ૨૭ વર્ષ પછી જાગ્યુ

## જાહેર શૌચાલય તોડવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશ દ્વારા ૧૯૮૬માં એક ખાનગી વ્યક્તિને કોન્ટ્રાકટ અપાયો હતો

અમદાવાદ, તા.૨૭

શહેરના કોર્પોરેશનના સત્તાધીશો શૌચાલય તોડવાના નિર્ણય અંગે ૨૭ વર્ષ પછી જાગી છે. અમદાવાદ શહેરના પૂર્વઝોનમાં અમરાઈવાડી સ્થિત મથુર માસ્ટરની ચાલી પાસે અમરાઈવાડી સબઝોનની બાજુમાં જાહેર શૌચાલય આવેલું છે.

આ જાહેર શૌચાલય તોડવા માટે અમદાવાદ મ્યુનિ. કોર્પો.એ ૧૯૮૬માં એક ખાનગી વ્યક્તિને આપી દીધું અને શૌચાલય તોડીને તેટલા વિસ્તારને ડેવલોપ કરવા જણાવ્યું હતું. ૯૯ વર્ષના ભાડાપટ્ટે અમદાવાદ મ્યુનિ. કોર્પો.એ તે ખાનગી વ્યક્તિને જગ્યા આપી હતી પરંતુ આજરોજ ૨૭ વર્ષ બાદ પણ તે વ્યક્તિ દ્વારા શૌચાલય તોડવામાં આવ્યું ન હતું અને ડેવલોપ કરવામાં પણ આવ્યું ન હતું. ૨૭ વર્ષ બાદ છ મહિના પહેલા હેલ્થ કમિટીમાં આ કામની મંજુરી માટે કમિશ્નર સમક્ષ લવાયું હતું. નવાઈની વાત એ છે કે ૨૭ વર્ષ સુધી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને જાણ જ ન હતી કે અમરાઈવાડીમાં હજુ સુધી શૌચાલય તોડીને ડેવલોપ કરવામાં આવ્યું નથી.

# થલતેજમાંથી ૧૪ કિલો ચરસના જથ્થા સાથે બે ઈસમોની ધરપકડ

## પકડાયેલા ચરસના જથ્થાની આંતરરાષ્ટ્રિય કિંમત આશરે રૂપિયા ૮૦ લાખથી એક કરોડ સુધીની હોવાનો અંદાજ

અમદાવાદ, તા.૨૭

અમદાવાદના (નારકોટીક્સ કંટ્રોલ બ્યૂરો) એનસીબીને બાતમી મળી હતી કે એક કારની અંદર ચરસ આવવાનો છે. જેના આધારે વોચ ગોઠવીને એનસીબીની ટીમે થલતેજ ચોકડી પાસે એક કારને રોકીને તેમાં તપાસ કરતાં ૧૪ કિલો ચરસ મળી આવ્યો હતો. સવારે ૮:૩૦ વાગ્યે એનસીબીની ટીમે કાર (જીજે-૧૪-ઈ-૭૪૫૨)માંથી ૧૪ કિલો જેટલો ચરસનો જથ્થો તેમજ બે શખ્સોની ધરપકડ કરી હતી. પકડાયેલ ચરસના જથ્થાની આંતરરાષ્ટ્રિય કિંમત અંદાજે ૮૦ લાખથી ૧ કરોડ હોવાનું મનાય છે. પૂછપરછમાં આ બે શખ્સોનું નામ ઈલીયાસ મુસા ખાન ઘાંસી (રહે. જુનાગઢ) તેમજ નાઝીરખાન યુસુફખાન પઠાણ (અમરેલી) હોવાનું જાણવા મળ્યું છે. આ ચરસનો જથ્થો કાશ્મીરથી લાવવામાં આવ્યો હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યું છે તેમજ પકડાયેલ શખ્સો અજમેરથી અમદાવાદ આવી રહ્યા હતા ત્યારે તેમની એનસીબીની ટીમે એસજી હાઈવે પર થલતેજ ચોકડીથી પકડી પાડ્યા છે તેમજ તેઓની કારને પણ જપ્ત કરવામાં આવીને વધુ તપાસ હાથ ધરવામાં આવ્યા છે. પકડાયેલ નાઝીરખાન પઠાન મૂળ અમરેલીનો અને ઈલયાઝ ખાન ગાંચી મૂળ જૂનાગઢનો રહેવાસી છે. નાર્કો વિભાગને મળેલી માહિતી મુજબ આ બંને શખ્સો અજમેરથી ચરસ લઈને અમદાવાદ આવ્યા હતા. મહત્વની વાત એ છે કે આ બંને શખ્સો માત્ર રિસિવર અને કેરિયર છે ત્યારે કાશ્મીરમાંથી આ જથ્થો કોણે મોકલેલો છે તે એક મોટો પ્રશ્ન છે. સવાલ એ પણ છે કે મુંબઈમાં આ જથ્થો કોને મોકલવામાં આવનાર હતો. તે અંગે પોલીસ તપાસ હાથ ધરી છે.

# મોજશોખ ખાતર ચોરી કરતા શખ્સની ધરપકડ

અમદાવાદ, તા.૨૭

શહેરમાં મિલકત સંબંધી ગુના શોધવા તેમજ અટકાવવા માટે પોલીસ અધિકારીઓ દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવે છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી પોલીસ મથકના અધિકારીઓએ પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે એક શખ્સની ચોરીના કુલ ૧,૭૦,૫૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, કોલ સેન્ટરમાં નોકરી કરતાં વિકાસ જગદીશભાઈ પટેલની એએમએ પાસેના ત્રણ રસ્તા પાસેથી પોલીસ અધિકારીઓએ અટક કરીને પૂછપરછ હાથ ધરી હતી. તેની પાસેથી ત્રણ બાીક, બે લેપટોપ, એક મોબાઈલ અને કેમેરા મળી કુલ ૧,૭૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસ અધિકારીઓ તપાસ હાથ ધરી છે. પકડાયેલ શખ્સો પોતાના મોજશોખને પૂરા કરવા માટે ચોરી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# શહેરના ગેરકાયદે થયેલા બાંધકામોને સીલ કરાયા

અમદાવાદ, તા.૨૭

મ્યુનિસિપલ કોર્પોરેશન દક્ષિણ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ ઈલે. વોર્ડ ઈન્દ્રપુરીમાં ટાઉન પ્લાનીંગના સુરેલીયા રોડ ઉપર આવેલ રેવાભાઈ એસ્ટેટના ૩૪૬૫ ચો.ફુટ ક્ષેત્રફળમાં થયેલ ઈન્ડસ્ટ્રીયલ પ્રકારના બિનપરવાનગીના બાંધકામનો મનાઈ હોવા છતાં બાંધકામ ચાલુ રાખવામાં આવ્યું હતું. બાંધકામ ચાલુ રાખતાં બુધવારના રોજ એસ્ટેટના સ્ટાફ દ્વારા સીલ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આવા બિનપરવાનગીના બાંધકામોને સીલ કરવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# જીસીસી કોડની તપાસ સુપ્રિમ કોર્ટના જજ પાસે કરાવવા માંગ

## યુવતીની જાસુસી કાંડ અંગે કેન્દ્ર સરકારે ઈન્ડિયન ટેલીગ્રામ એક્ટ, અન્ય કાયદા હેઠળ પગલાં ભરવા જોઈએ : કોંગ્રેસ

અમદાવાદ, તા.૨૭

મુખ્યમંત્રીના એક યુવતી સાથેના અંગત સંબંધો અને આ યુવતીની જાસુસી કાંડની વિગતો ખુલ્લી થઈ ગયા બાદ ગુજરાતની ભાજપ સરકારે ઉલટો ચોર કોટવાલને દંડે એ રીતે પંચની રચનાની જાહેરાત બાદ આજે સમગ્ર જાસુસી કાંડ અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી અને તેના સાથીની સીધી સુચનાથી એક યુવતીની જાસુસી કરવામાં આવી સાથો સાથ તેના ફોન ટેપ કરવામાં આવ્યા અને તેની સાથે સંપર્ક ધરાવતા અન્ય લોકોના ફોન પણ ગેરકાયદે ટેપ કરવામાં આવ્યા. ગુજરાતના મુખ્યમંત્રી અને તેના સાથીના આ કરતુત ૬૨ દિવસ સુધી ચાલ્યા ફોન ટેપીંગ અંગેની સુચના આપનાર તત્કાલીન ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ અને એક પોલીસ અધિકારી વચ્ચેની વાતચીત ટેપ સીબીઆઈ દ્વારા સુપ્રિમ કોર્ટમાં અન્ય કેસમાં પુરા તરીકે રજુ કરવામાં આવી છે તેમ છતાં ભાજપના તમામ વરિષ્ઠ નેતા ઉલટી-સુલટી વાતો કરી રહ્યા હતા. ટેપમાં જે વાત રજુ થઈ છે તે સાહેબ અને યુવતી અંગે ભાજપના વરિષ્ઠ નેતા કેમ ચુપ છે ? સમગ્ર જાસુસી કાંડમાં જે યુવતીની જાસુસી થઈ છે તે યુવતીને સંલગ્ન કંપનીઓમાં લાખો રૂપિયાના કોન્ટ્રાકટો શા માટે આપવામાં આવ્યા ? આ યુવતીને સરકારી ખર્ચે કેમ વિશેષ સગવડો આપવામાં આવી ? મોઢવાડીયાએ સમગ્ર જાસુસી કાંડમાં સંડોવાયેલ ગુજરાતના મુખ્યમંત્રી અને તેના સાથી તત્કાલીન ગૃહ રાજ્યમંત્રી સામે ગુનો નોંધી અને પગલાં ભરવાની માંગ કરતા જણાવ્યું હતું કે, કેન્દ્રની યુપીએ સરકાર માત્ર આક્ષેપ આધારે ત્રણ-ત્રણ મંત્રીઓ સામે પગલાં ભરે છે. દિલ્હીમાં ભાજપના રાજ્ય સભામાં વિપક્ષ નેતા અરૂણ જેટલીના કોલ ડીટેઈલ રીપોર્ટ કાંડમાં ત્રણ વ્યક્તિ ધરપકડ કરે, ગુનો દાખલ કરે બીજી બાજુ જેટલીના કોલ ડીટેઈન રીપોર્ટ કરતાં અતિગંભીર સંવેદનશીલ અને બંધારણના સીધા ઉલ્લઘન સમાન ગુજરાતમાં મુખ્યમંત્રી અને તેના સાથી ગૃહ રાજ્યમંત્રીની એક યુવતીની જાસુસી કાંડ અંગે કેન્દ્ર સરકારે ઈન્ડિયન ટેલીગ્રામ એક્ટ અને અન્ય કાયદા હેઠળ પગલાં ભરવા જોઈએ સાથોસાથ સમગ્ર જાસુસી કાંડની તપાસ સુપ્રિમ કોર્ટના સીટીંગ જજની સીધી દેખરેખ હેઠળ થવી જોઈએ.

# શબ્દાવલી - ૫૨૪૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | | ૪ |
| | ■ | ■ | ૫ | ૬ | | ■ | |
| ૭ | ૮ | ૯ | ■ | | ■ | ૧૦ | |
| ૧૧ | | | | ■ | ૧૨ | | |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૫ | | | ૧૬ | |
| ૧૭ | | ૧૮ | | | ■ | | ■ |
| | ■ | ૧૯ | | | ■ | ૨૦ | |

### આડી ચાવી

૧. થોડું ખાવું તે, ફળાહાર (૪)
૩. ઘરાક, અસીલ (૩)
૫. ધાક-ધમકી, દોર... (૩)
૭. દીદીના પતિ, બનેવી (૩)
૧૦. રૂઆબ (૨)
૧૧. રાગ-આસક્તિ વિનાનું (૪)
૧૨. મુશ્કેલી (૩)
૧૩. ખાંસી, ઉધરસ (૨)
૧૪. 'મારા' એવો ભાવ દર્શાવતું કવિની ભાષાનો શબ્દ (૨)
૧૫. ઝળહળતું (૫)
૧૭. ત્રણ પૈડાવાળી સાઈકલ (૫)
૧૯. (તુચ્છકારમાં) જવું, વટવું (૩)
૨૦. એકલું (૨)

### ઊભી ચાવી

૧. ટૂંકા આયુષ્યવાળું (૪)
૨. કેન્સલ, બાતલ (૨)
૩. કેરીને હિન્દીમા... કહેવાય (૨)
૪. મીણમાંથી બનાવેલ દીવો (૪)
૬. પ્રતિષ્ઠા, આબરૂ (૨)
૮. સ્વની કમાણી (૩)
૯. એક પ્રાણી (૩)
૧૦. રોપડા, નાના છોડ (૨)
૧૨. રોપડા, નાના છોડ (૨)
૧૪. રવાના કરવું (૪)
૧૫. ઓસ, તુષાર (૩)
૧૬. યુવાની (૩)
૧૭. બસ જેવું પાય પર ચાલતું યાંત્રિક વાહન (૨)
૧૮. બેઠક, બેસવાની જગ્યા (૨)

### શબ્દાવલી ૫૨૩૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) કોહરામ (૫) સભર (૮) ટળવળતુ (૯) લવા (૧૦) મદા (૧૨) વાનર (૧૩) બારીક (૧૫) મસા (૧૬) ભરવાડ (૧૭) ઈશ (૧૯) મદારી (૨૦) સવા (૨૨) રોનક (૨૩) મુનસફી

**ઊભી ચાવી :-** (૧) કોટવાળ (૨) હળ (૩) રાવ (૪) મળવુ (૬) ભલમનસાઈ (૭) મળવું (૧૧) પારીવારિક (૧૨) વામ (૧૮) બારદાન (૧૪) કડ (૧૬) ભમરો (૧૮) શરાફી (૨૦) સમુ (૨૧) વાન

# પાલનપુરના ગાઢ ગામે સહસ્ત્ર ધીંગાણું સર્જાયું

પાલનપુર, તા. ૨૭

પાલનપુર પાસેના ગઢ ગામે રસ્તે ચાલવાના મુદ્દે તકરાર થતા શસસ્ત્ર ધીંગાણું ખેલાતા એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગઢ ગામના સલ્લા રોડ પર નવીન રોડ બની રહ્યો છે. જેના પર રીક્ષા ચલાવવા બાબતે ઠાકોર સમાજના રીક્ષા ચાલકને મેડીકલ સ્ટોર્સ ચલાવતા જોઈતાભાઈ કરશન પટેલે ઠપકો આપ્યો હતો. જેની અદાવત રાખી રીક્ષાચાલક તથા તેના સાગરીતોએ પાઈપો, તલવારો-ધારીયા લઈ મેડીકલ સ્ટોર્સ પર હૂમલો કરતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે પોલીસે ગામની શાંતી ડહોળાય નહી તે રીતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. હુમલાખોરોને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## જમીનના વિવાદમાં સમગ્ર પરિવારને વિંખી નંખાયો !

ખેતરમાં સોમવારે થયેલુ હુમલામાં મારો પરિવાર વિંખાઈ ગયો તેના મૂળમાં લાંવી વાત છે. 'મારા પિતા નિવૃત્ત શિક્ષક કેશુભાઈ નાથાભાઈ ભલામણને એ નવીજૂની માતાના છ ભાઈઓ છે. દસ વર્ષ પૂર્વ છગનભાઈ પરિવારથી અલ થઈ ગયા હતા અને તેમણે ગોંડલના કેસરી ફાઈનાન્સના સંચાલકોને બધા ભાઈઓની વરસાઈ ભાગવાળી સામૂહિક જમીન વેચી દીધી હતી. અમારે તે જમીન વેચવી નહીં હોવાથી તેમાં મારા પિતાએ સહીકરી ન હતી અને ત્યારથી વિવાદ શરુ થયો હતો. ચાર વર્ષથી અલાદતમાં કેસ ચાલે છે. કોર્ટનો ચુકાદો આવે તે પૂર્વે માથાભારે શખ્સોએ એવો તે ચુકાદો આપ્યો છે કે અમે તે સહન કરી શકીએ તેમ નથી.







